આંક–૦૬
દાખલ તારીખ :– ૦૧–૦૧–૨૦૧૮
રજીસ્ટર તારીખ :– ૦૧–૦૧–૨૦૧૮
નિકાલ તારીખ :– ૦૩–૦૧–૨૦૧૮
સમય અવધી : વર્ષ:૦૦ માસ: ૦૦ દિવસ: ૦૨

**રાજકોટનાં મહે. બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,**

**મુ. રાજકોટ સમક્ષ**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧/૨૦૧૮**

**અલ્તાફ ઉર્ફે અલ્તુ સલીમભાઈ કારીયાણીયા**
મુસ્લીમ, ઉ.વ.આ.૨૯, ધંધો–મજુરી,
ઠે.રામ નગર શેરી નં. ૩, રૈયારોડ,
હનુમાનમઢી પાસે, રાજકોટ.
હાલ સેન્ટ્રલ જેલ,
રાજકોટ. ............**અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર.** .............**સામાવાળા**

બાબત:– રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન પ્રોહી. ગુન્હા રજી. નં.૪૧/૨૦૧૭ પ્રોહીબીશન એકટની કલમ ૬૫–(ઈ), ૧૧૬–બી, ૮૧ મુજબના ગુન્હાના કામે ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૯ અન્વયે જામીન મુકત કરવા અંગે અરજી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એમ. એમ. દેસાઈ,
સામાવાળા સરકારશ્રી તરફે : વિધ્વાન એ.પી.પી.શ્રી એ. એસ. ગોગીયા,
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

–:: **ચુ કા દો** ::–

(૧) આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેરના ડી.સી.બી. પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નંબર–૪૧/૨૦૧૭ પ્રોહીબીશન એકટની કલમ ૬૫–ઈ, ૧૧૬–બી, ૮૧ મુજબના ગુનાને કામે અટક કરવામાં આવેલ હોય, અને હાલ તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૯ અન્વયે જામીન મુકત

કરવા માટે હાલની આ અરજી આપેલ છે. અરજદાર/આરોપીની અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકારશ્રી તરફે વિઘ્વાન એ.પી.પી.શ્રી એ. એસ. ગોગીયા હાજર થયેલા અને તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું આંક–૪ થી રજુ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી કે. જે. જાડેજાના પ્રોકસી દરજજે વિ.વકિલશ્રી એમ. એમ. દેસાઈએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે ગુનાને કામે સંડોવી દેવામાં આવેલ છે. વધુમાં તેઓએ વધુમા જણાવેલ છે કે, અરજદાર/આરોપીના કબ્જામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ નથી અને અરજદાર/આરોપીનુ નામ સહ આરોપીના નિવેદનથી ખુલવા પામેલ છે. તેઓએ વધુમા જણાવેલ છે કે, ગુના સબબની મહત્તમ સજાની જોગવાઈ જોવામાં આવે તો વધુમા વધુ ૧૦ વર્ષની છે. વધુમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર યુવા વયના છે, સ્થાનીક રહેવાસી છે, સમગ્ર કુટુંબની જવાબદારી તેમના શીરે રહેલ છે. વધુમાં તેઓએ વધુમા જણાવેલ છે કે, અરજદાર આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી અને તમામ મુદ્દામાલ સહ આરોપી પાસેથી કબજે થઈ ગયેલ છે અને ગુના સબબની મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે, હવે અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી બાકી નથી ત્યારે અત્રેની અરજી પણ મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) સામાવાળા શ્રી સરકાર તરફે વિઘ્વાન એ.પી.પી.શ્રી એ. એસ. ગોગીયાએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે ગંભીર ગુનાના આક્ષેપ છે અને હાલ તપાસ ચાલુ હોય ત્યારે જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે ચેંડા કરશે અને તપાસના કામે સહકાર આપશે નહી જેથી હાલની આ અરજી રદ કરવી જોઈએ. વધુમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી પાછા આવા ગુના કરે તેવી શકયતા હોય, આ અરજી આંક–૪ ના સોગંદનામાની વિગતે રદ થવાને પાત્ર છે.

(૪) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો તેમજ અરજીમાં જણાવેલ હકીકતો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક–૪ નું સોગંદનામું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. પોલીસ તપાસના કાગળો જોતા ગુનાના કામ સબબ તમામ મુદ્દામાલ સહ આરોપી પાસેથી કબજે થઈ ગયેલ છે અને હવે કોઈ મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરવાનો બાકી હોય તેવુ જણાઈ આવતુ નથી. અરજદાર/આરોપી સામે નામજોગ ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય તેવુ ફલીત થતુ નથી અને અરજદાર/આરોપીનુ નામ સહ આરોપીના નિવેદન ઉપરથી ખુલવા પામેલ હોવાનુ જણાઈ આવે છે. ગુનાની તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક–૪ નું સોગંદનામું જોતા અરજદાર/આરોપી કોઈ ગુન્હાહીત ઈતીહાસ ધરાવતા હોય તેવુ જણાઈ આવુત નથી. ગુના સબબની ટ્રાયલ, કોર્ટોમાં કેસોનું ભારણ જોતા, અરજદાર વિરૂધ્ધના કેસનો તાત્કાલીક નીકાલ આવે તેવી કોઈ શકયતા જણાતી નથી. અરજદાર વિરૂધ્ધ આક્ષેપીત ગુનાને કામે મહતમ સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ અરજદાર પાસેથી બીજી કોઈ રીકવરી/ડીસ્કવરી કરવાની બાકી ન હોય, અરજદાર રાજકોટ ના સ્થાનીક રહેવાસી હોય, કયાંય નાશી ભાગી જાય તેવી પણ કોઈ શકયતા જણાતી નથી. આ તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા તેમજ જામીનના સંદર્ભમાં સ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતા અરજદારને કેટલીક કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત હોવાનું માની નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

–// **હુ ક મ** //–

હાલની આ ફોજદારી પરચુ.અરજી નં.૧/૨૦૧૮ મંજુર રાખવામાં આવે છે અને રાજકોટ શહેરના ડી.સી.બી. પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજીસ્ટર નંબર–૪૧/૨૦૧૭ પ્રોહીબીશન એકટની કલમ ૬૫–ઈ, ૧૧૬–બી, ૮૧ મુજબના ગુનાને કામે અરજદાર/આરોપી તરફે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો :–

/૧/ અરજદાર/આરોપીએ પોલીસ તપાસના કામે પુરો સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં બોલાવે ત્યારે હાજર રહેવુ.

/૨/ અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેંડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૩/ અરજદાર/આરોપીએ તેઓની વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

/૪/ અરજદાર/આરોપીએ તેઓનું કાયમી રહેણાંક સરનામું લેખીત પુરસીસથી તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવુ.

/૫/ અરજદાર/આરોપીએ તેઓની વિરૂઘ્ધના કેસના કામે જયાં સુધી ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી દર અંગ્રેજી માસની ૧લી અને ૧૫મી તારીખે સવારે ૯–૦૦ થી ૨–૦૦ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી પુરાવવી.

/૬/ અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધીત કોર્ટમાં દિન–૭ માં જમા કરાવવો અને ટ્રાયલ દરમ્યાન કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

/૭/ અરજદાર/આરોપીએ આ પ્રકારના અન્ય કોઈ ગુનામાં સંડોવાવુ નહી.

જામીન નીચેની કોર્ટ સમક્ષ આપવા.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.૦૩જી જાન્યુઆરી, ૨૦૧૮ નાંરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ.
તારીખઃ ૦૩/૦૧/૨૦૧૮

**(હેમાંગ રાજેન્દ્ર રાવલ)**
બીજા અધિક સેશન્સ જજ,
રાજકોટ
( કોડ નંબરઃ **જીજે ૦૧૪૯૭** )